# કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) ની કચેરી

## ગુજરાત રાજય ,ગાંધીનગર

## બિન સરકારી અનુદાનિત કોલેજો ખાતે

## શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ

## તા.૧૪.૦૯.૨૦૧૧ અનુસાર

## અધ્યાપક સહાયકોની નિમણૂંક માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયા

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર (ગુ.રા.) ની કચેરી, ગાંધીનગર દ્વારા સંબંધિત કોલેજ સંચાલક મંડળની સંમતિથી આ કચેરીએથી અપાએલ ભરતી માટે એન.ઓ.સી. સામે રાજયમાં આવેલ બિન સરકારી અનુદાનીત વિનયન,વાણિજય અને હોમસાયન્સ પ્રવાહની કોલેજો માં " **અધ્યાપક સહાયક**" ના નામાભિધાનથી ૪૯૬ જગ્યાઓ પર નિમણૂંક હેતુ યોગ્ય ઉમેદવારો પાસેથી ઓન લાઇન અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે.

આ જગ્યાઓ પર સમગ્ર ભરતી પ્રક્રિયા પારદર્શી રીતે, ગુણવત્તાનુસાર, ઝડપભેર અને રોસ્ટર મુજબ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા કેન્દ્રિય ભરતીનું આયોજન કરેલ છે.
સમગ્ર કેન્દ્રીય ભરતી પ્રક્રિયા સરકારશ્રીની વખતોવખત ની નીતિ અને સૂચનાઓને આધીન છે, આથી સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે તો રદ અથવાફેરફાર ને પાત્ર છે.
ભરતી માટે **કોલેજ-વાર** ખાલી રહેલ જગ્યાની વિગતો નીચે આપેલ છે.આ માહિતિપત્ર સાથે પરિશિષ્ટમાં કોલેજો દીઠ વિષય અને કેટેગરીવાર ખાલી જગ્યાની વિગતો નીચે જાણકારી હેતુ દર્શાવેલ છે. પસંદગી યાદી બન્યા બાદ પણ કાર્યભાર કે વહીવટી કારણો સબબ ઉકત કોઇપણ જગ્યાઓ રાજય સરકાર દ્વારા આ જગ્યાઓ ભરવા બાબતે અન્ય નીતિ નિર્ધારિત થાય તેવા સંજોગોમાં પરિશિષ્ટમાંની તેવી જગ્યા કે તમામ જગ્યાઓ આપોઆપ રદ થયેલ ગણાશે અથવા નવી નીતિ અનુસાર અલગથી ભરાશે અથવા ફેરફાર કરી શકાશે.

### લાયકાત :

૧. ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઇશે.
૨. ઉમેદવારની શૈક્ષણિક લાયકાત યુજીસી રેગ્યુલેશન ૨૦૧૦ તથા સરકારશ્રીનાં વખતોવખતનાં ઠરાવ અનુસાર રહેશે.
૩. શૈક્ષણિક લાયકાત માટે ભારતમાં કેન્દ્ર કે રાજય સરકાર દ્વારા વૈધાનિક કાયદા વડે

સ્થાપિત કે માન્ય કોઇપણ યુનિવર્સિટી તરફથી એનાયત થયેલ ડીગ્રી જ ધ્યાને લેવાશે.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન રેગ્યુલેશન-૨૦૧૦ પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ લઘુતમ ૫૫ ટકા ગુણ સાથે સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં હોવા જોઇએ.

૫. યુજીસી-સીએસઆઇઆર અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર) અથવા સેટ (પ્રમાણપત્ર) ઉતીર્ણ હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ **University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009** અનુસાર પી.એચ.ડી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને **NET/ SLET** લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે. આવા ઉમેદવારોએ **University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009** અનુસાર પી.એચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

૬. જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત ઉમેદવાર અરજી સ્વીકારવાની છેલ્લી તારીખનાં રોજ ધરાવતા હોવા જોઈશે.

## પગાર ધોરણ :

આ જગ્યાઓનું પગાર ધોરણ અને નિમણૂંકની શરતો શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ તા. ૨૫-૦૮-૨૦૦૫, તા.૨૮-૦૩-૨૦૦૬,તા.૧૬-૦૬-૨૦૦૮,તા.૧૫-૦૬-૨૦૧૦ અને ૩-૧૦-૨૦૧૨ ની જોગવાઇ અનુસાર રહેશે. તે મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૬૫૦૦/- અંકે સોળ હજાર પાંચસો પુરાના ફિકસ પગારથી અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. પાંચ વર્ષ બાદ ઉમેદવારની સેવા સંતોષકારક જણાય તો કાર્યભાર અને સંબંધિત કોલેજની દરખાસ્તની ચકાસણી બાદ નિયમોનુસાર તેમને પ્રવર્તમાન નિયમિત પગાર ધોરણ રૂ. ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂ. ૬૦૦૦ માં સમાવાશે.

## અનામત કેટેગરી :

૧. અનામત કેટેગરીના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને બક્ષી પંચના ઉમેદવારોએ સામાન્ય કેટેગરીમાં અરજી કરેલ હશે તે અનુસાર તેઓને સામાન્ય ઉમેદવાર ગણવામાં આવશે તથા અનામત કેટેગરી હેઠળનો કોઇ લાભ મળવાપાત્ર રહશે નહિ.

૨. અનામત કેટેગરીના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને બક્ષી પંચના ઉમેદવારોએ તેઓની જે તે કેટેગરીમાં અરજી કરેલ હશે અને જો તેઓ જનરલ મેરીટ યાદીમાં આવતાં હોવાથી તે અનુસાર સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે લાભ લેવા માંગતા હોય તો તેઓની મૂળ અનામત કેટેગરીનો હકક જતો કરવાનો રહેશે.

૩. અનામત કેટેગરીની જગ્યાઓમાં નિયત ટકાવારી જાળવવા અને રોસ્ટર નિતિ ના અમલ માટે જગ્યાઓમાં જરુરી ફેરફાર આ કચેરી કરી શકશે.

૪. મહિલા અનામતની જગ્યાઓ પર યોગ્ય ઉમેદવાર ન મળતાં તે જગ્યા પર સંબંધિત કેટેગરીના પુરુષ ઉમેદવારો પસંદ કરાશે.

૫. અનામત કેટેગરીના ઉમેદવાર સમાલાપ વેળા અનામત કેટેગરી અંગેના અસલ પ્રમાણપત્ર રજુ કરવામાં નિષ્ફળ નિવડે ત્યારે સંબંધિત અનામત કક્ષા માટે હક્કદાર રહેશે નહિ.

૬. સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગના ઉમેદવારે ઉન્નત વર્ગમાં બાકાત હોવા અંગે સક્ષમ સત્તાધિકારી તરફથી તા. ૩૧-૦૩-૨૦૧૫ ના પુરા થતાં વર્ષ માટેનું માન્ય નિયત પ્રમાણપત્ર ચકાસણી સમયે રજુ કરવુ અનિવાર્ય છે.

૭. સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગના મહિલા પરિણિત ઉમેદવારના કિસ્સામાં ઉન્નત વર્ગમાં બાકાત હોવા અંગે સક્ષમ સત્તાધિકારી તરફથી તા. ૩૧-૦૩-૨૦૧૫ ના પુરા થતાં વર્ષ માટેનું માન્ય નિયત પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના સંદર્ભે ચકાસણી સમયે રજુ કરવુ અનિવાર્ય છે.પતિની આવક સંદર્ભે આવુ પ્રમાણપત્ર અમાન્ય રહેશે.

૮. સમાજ કલ્યાણ વિભાગના પરિપત્ર : પરચ-પરપ-૨૦૯૩-૪૧૯૯-ખ તા. ૧૨-૦૭-૧૯૯૪ મુજબ અનામત નિતીનો લાભ માત્ર મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગના ઉમેદવારો ને પ્રાપ્ય છે જે સ્થળાંતર રાજયોમાંથી આવતા ઉમેદવારોને મળવાપાત્ર નથી.

## પસંદગી ગુણાંકન :

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૧૨૦૧૦-૩૨૬૯-ખ તા. ૧૪-૦૯-૨૦૧૧ અનુસાર પસંદગી નિમ્ન -લિખિત ગુણાંકન આધારે કરાશે.

| ક્રમ | ગુણાંકનની વિગત | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સ્નાતક કક્ષા ::<br>૫૫-૭૦ ટકા સુધી (૫૫ થી વધુ દરેક ટકા દીઠ ૦.૫ ગુણ)<br>૭૧ કે તેથી વધુ ટકા માટે (મહત્તમ ૧.૦ ગુણ) | ૦૮.૦૦<br>૦૧.૦૦ |
| ૨ | સ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |
| ૩ | અનુસ્નાતક કક્ષા ::<br>૫૫-૭૦ ટકા સુધી (૫૫ થી વધુ દરેક ટકા દીઠ ૧..૦ ગુણ)<br>૭૧ કે તેથી વધુ ટકા માટે (મહત્તમ ૧.૦ ગુણ) | ૧૫.૦૦<br>૦૧.૦૦ |
| ૪ | અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન | ૧૦.૦૦ |
| ૫ | એમ.ફીલ. ની ડિગ્રી | ૦૫.૦૦ |
| ૬ | પી.એચ.ડી. ની ડિગ્રી | **૧૦**.૦૦ |
| ૭ | યુજીસી નિર્દિષ્ટ લાયકાત પરીક્ષા પસાર<br>NET/GSET/UGC-CSIR/CA | ૧૦.૦૦ |
| ૮ | પુસ્તક પ્રકાશન ISBN ક્રમ સાથે | ૦૫.૦૦ |
| ૯ | રિફર્ડ જર્નલમાં પ્રકાશિત સંશોધન લેખ | ૦૫.૦૦ |
| ૧૦ | SCOPE પરીક્ષા "B1" લેવલ, CCC પરીક્ષા કે કોમ્પ્યુટર સાક્ષરતા સ્વિકૃત ડિગ્રી/ ડિપ્લોમાં | ૦૫.૦૦ |
| ૧૧ | યુનિવર્સિટી માન્ય કોલેજોમાં પુર્વ સ્નાતક કક્ષા કે સરકારી કોલેજોમાં કરાર આધારિત અધ્યાપક તરીકે પૂર્ણકાલિન અનુભવ માટે દર ૨ વર્ષ માટે ૧ ગુણ ખંડ સમયના અધ્યાપકો માટે શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર | ૧૦.૦૦ |
| ૧૨ | સમિતિ દ્વારા સરેરાશ વ્યક્તિત્વ મૂલ્યાંકન | ૦૫.૦૦ |
| | કુલ ગુણ | ૧૦૦.૦૦ |

શિક્ષણ વિભાગના સમાનાંકી ઠરાવ તા.૧૪-૧૧-૨૦૧૧ અનુસાર આ જાહેરાત મુજબની લાયકાત ધરાવતા ખંડ સમયના વ્યાખ્યાતાઓએ ઓછામાં ઓછા ૨ વર્ષ સેવા બજાવેલ હોય તો તેમને નીચે પ્રમાણે અનુભવના વધુ માં વધુ ૧૫ ગુણ પ્રાપ્ત થશે.

(૧) ૬ ઓછા વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૦.૫ ગુણ

(૨) ૬ વધુ વ્યાખ્યાન સામે પ્રતિવર્ષ ૧.૦ ગુણ

## સમાલાપ કાર્યવાહી :

૧. તમામ ઉમેદવારોએ નિયત સમયે અરજી ચકાસણી અને સમાલાપ કાર્યવાહી માટે નિશ્ચિત સમયે સ્વખર્ચે અચૂક ઉપસ્થિત રહેવુ જરૂરી છે.

૨. ઓન લાઇન અરજીમાં ઉમેદવારે ભરેલ વિગતો આખરી ગણાશે તેની ચકાસણી દરમ્યાન ખોટી વિગતો જણાતા કે ઉમેદવાર પોતે નોંધેલ વિગતો આધારોથી પ્રતિપાદિત કરવામાં નિષ્ફળ રહેતા તેની અરજી રદ ગણાશે.

૩. ઉમેદવારે સમાલાપ પૂર્વે ચકાસણી વેળા અરજીમાં જણાવ્યા મુજબ ફી જમા કરાવ્યાના ચલણ રજુ કરવાનુ રહેશે.

૪. ઉમેદવારે લાયકાત સંબંધે શૈક્ષણિક, જાતિ, અનુ ુભવ, ગુણાંકન અને અન્ય મુદ્દે જરુરી અસલ પ્રમાણપત્રો અને આનુષંગિક આધારો તમામ દસ્તાવેજોની ૦૨ (બે) પ્રમાણિત નકલો સાથે સમાલાય વેળાએ રજુ કરવાની રહેશે.

૫. ઉમેદવારે જે વિષયો માટે અરજી કરેલ હોય તે તમામ જગ્યાઓ માટે નિયત સહુ સમાલાપ સમિતિઓ સમક્ષ ઉપસ્થિત થવું જરુરી રહેશે અન્યથા આખરી પસંદગી યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહિ.

૬. કાર્યવાહી દરમ્યાન ઉમેદવારે સામાન્ય શિસ્ત અને પ્રાસંગોચિત આચાર-સંહિતાનુ પાલન કરવાનું રહેશે, સમિતિ આવા ભંગના કિસ્સામાં ઉમેદવારની પસંદગી કે નિમણૂંક રદ કરવા અધિકૃત રહેશે.

૭. ઉમેદવારે મેળવેલ લાયકાત સંબંધી અસલ પ્રમાણપત્રો અથવા આધારો પ્રમાણપત્ર ચકાસણી સમયે રજુ કરવાના રહેશે.

૮. કોઇ ઉમેદવારે બનાવટી દસ્તાવેજો રજુ કરીને કે દસ્તાવેજો સાથે ચેડા કરેલ માલુમ પડશે તો તેમની સામે નિયમાનુસાર શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

૯. ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી સમયે ફોટો આઇડેન્ટીટી પ્રુફ સાથે રાખવાનું રહેશે તેમજ માંગવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે

૧૦. સમાલાપ અંગેની વ્યવસ્થા જે તે સમયે વિષય, કોલેજ, જગ્યાઓની સંખ્યાને આધીન હોય છે પરિણામે તેને અનુરુપ વ્યવસ્થાને અનુસરવાનું રહેશે.

૧૧. ગુજરાત જાહેર આયોગ સેવા કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેક પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે.જો ઉમેદવારનો ગેરલાયક સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી ગેરલાયક ને પાત્ર ઠરશે. અગાઉ ઉમેદવારને સરકારી સેવા હસ્તકની કપની કે બોર્ડ કોર્પોરેશનમાથી કયારેય પણ

ફરજિયાત નિવૃતિ,રુખરસ કે બર તરફ કરવામાં આવેલ હોય તો તે વિગત પ્રમાણપત્રોની ચકાસણી વખતે રજુ કરવાની રહેશે.

## કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) ની કચેરી, ગાંધીનગર

## અધ્યાપક સહાયક ભરતી એન.ઓ.સી. (ભરવાપાત્ર જગ્યાઓ)ની યાદી

## તા.૦૯-૦૨-૨૦૧૫

**FINAL N.O.C. STATEMENT FOR ARTS, COMMERCE AND HOME SCIENCE ::**

| SR | SUBJECT | SC | | ST | | OBC | | PH | | OPEN | | TOTAL | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | M | F | M | F | M | F | M | F | M | F | M | F | TOTAL |
| 1 | COMMERCE | 6 | 0 | 17 | 15 | 29 | 3 | 1 | 1 | 42 | 13 | 95 | 32 | 127 |
| 2 | DEFENSE STUDIES | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 1 |
| 3 | ECONOMICS | 0 | 0 | 7 | 13 | 19 | 2 | 2 | 0 | 34 | 9 | 62 | 24 | 86 |
| 4 | ENGLISH | 9 | 1 | 11 | 8 | 33 | 5 | 3 | 0 | 41 | 10 | 97 | 24 | 121 |
| 5 | GEOGRAPHY | 0 | 0 | 1 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 2 | 2 | 4 |
| 6 | GUJARATI | 2 | 0 | 2 | 2 | 7 | 1 | 0 | 0 | 21 | 7 | 32 | 10 | 42 |
| 7 | HISTORY | 1 | 0 | 0 | 0 | 2 | 1 | 0 | 0 | 5 | 2 | 8 | 3 | 11 |
| 8 | HOME SCIENCE | 1 | 0 | 0 | 0 | 0 | 2 | 0 | 0 | 3 | 0 | 4 | 2 | 6 |
| 9 | INDIAN CULTURE | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 |
| 10 | POLITICAL SCIENCE | 1 | 0 | 1 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 2 | 3 | 3 | 6 |
| 11 | PSYCOLOGY | 0 | 0 | 0 | 3 | 6 | 1 | 0 | 0 | 7 | 2 | 13 | 6 | 19 |
| 12 | SANSKRIT/PRAKRUT | 0 | 0 | 1 | 2 | 7 | 3 | 0 | 0 | 12 | 2 | 20 | 7 | 27 |
| 13 | SOCIOLOGY | 0 | 0 | 1 | 7 | 8 | 2 | 0 | 0 | 12 | 1 | 21 | 10 | 31 |
| 14 | STATISTICS | 1 | 0 | 1 | 2 | 2 | 0 | 1 | 0 | 6 | 1 | 11 | 3 | 14 |
| | **TOTAL** | **21** | **1** | **42** | **53** | **115** | **21** | **8** | **1** | **184** | **50** | **370** | **126** | **496** |

- જગ્યાઓની વિસ્તૃત યાદીમાં જણાવેલ કોલેજોની જગ્યાઓ રોસ્ટર પ્રમાણિત થયા પર આધારિત રહેશે. કોલેજવાઇઝ ભરવાપાત્ર જગ્યાઓની વિગતો વેબસાઇટ http://www.cheguj.com પર મુકવામાં આવેલ છે.

## **ઓનલાઇન અરજીપત્રક ભરવા તેમજ સમગ્ર ભરતી બાબતની અગત્યની સુચનાઓ**

૧ લાયકાત ધરાવતા ઉમેદવારોએ કચેરીની વેબસાઇટ **www.cheguj.com** પર અખબારી જાહેરાતમાં નિર્દિષ્ટ તારીખો દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે.

૨ અરજીપત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે. ઉમેદવારે ઓનલાઇન ભરેલ અરજી ફોર્મ આખરી ગણાશે જેમાં પાછળથી કોઇપણ જાતના સુધારા-વધારા કરી શકાશે નહીં કે તમારી વિશેષ કોઇ રજુઆત ગ્રાહ્ય રાખી શકાશે નહીં.

૩ ઓનલાઇન સિવાય અન્ય કોઇપણ રીતે એટલે કે ટપાલ કે કુરીયર મારફત વગેરે રીતે અરજી ફોર્મ આ કચેરીને મોકલવા નહીં.

૪ ઉમેદવારે સૌ પ્રથમ વેબસાઇટ **www.cheguj.com** પર રજિસ્ટર થવાનું રહેશે.

રજિસ્ટર થયા બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે. અરજી ફોર્મ ભરવાની **છેલ્લી તારીખ ૧૦/૦૫/૨૦૧૫** ના **૧૭:૫૯ ક્લાક** રહેશે. અંતિમ દિવસ સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી / અપડેટ કરી શકશે નહીં. તેમ છતાં, બેંક દ્વારા ફી ની ચૂકવણી સંબંધે ઉમેદવારોને બેન્કીંગ સમય ધ્યાનમાં રાખવા સલાહ છે. જો ઉમેદવાર ઓનલાઇન અરજી ફોર્મમાં પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે. આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બદલવો નહીં જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

૫ બિનઅનામત તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર માટે અરજી ફી રૂ. ૫૦૦ (અંકે રૂપિયા પાંચસો પુરા) અને વિકલાંગ, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો માટે અરજી ફી રો. ૨૫૦ (અંકે રૂપિયા બસો પચાસ પુરા) ભરવાના રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહીં.

૬. ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવાર પોતાના વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે પસંદગી કરી શકશે અને જે જગ્યાઓ માટે પસંદગી કરે છે ,તે કોલેજો માટે પોતાનો પસંદગી ક્રમ આપવાનો રહેશે. જે કોલેજ/સંસ્થા માટે પસંદગી દર્શાવેલ નહિ હોય, તે જગ્યા પર ઉમેદવારીનો હક્ક રહેશે નહિ. વધુમાં, અરજીપત્રકમાં દર્શાવેલ પસંદગી ક્રમ નિયુક્તિ સુધીની પ્રક્રિયામાં અંતિમ ગણાશે.

૭. પસંદગી ક્રમ આપ્યા બાદ એ પેજ ને સેવ કરી ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ત્રીજા પેજ પર થી ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે. બેંકમાં ફી ભરવાથી ઉમેદવારને ચલણની એક કોપી પરત કરવામાં આવશે જેમાં બેંક દ્વારા ટ્રાન્ઝેક્શન આઇ.ડી દર્શાવવામાં આવેલ હશે.

ઉમેદવાર NEFT મારફત ઓનલાઇન નીચેની વિગતના ખાતમાં ઉમેદવારી ફી જમા કરાવી શકશે. આવા ઉમેદવારોએ ફી ભર્યાના ૨૫ કલાક બાદ રેફરન્સ આઇ.ડી વડે અરજી કન્ફર્મ કરવાની રહેશે.

- **બેંકનું નામ: દેના બેંક**
- **ખાતા નં :૦૩૦૮૧૦૦૨૭૯૦૦**
- **ખાતેદાર નું નામ : નોલેજ કોન્સોર્સિયમ ઓફ ગુજરાત**
- **IFSC Code : BKDN0130308**
- **MICR Code: 380018053**

બેંકમાં ફી જમા કરાવ્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ **www.cheguj.com** પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહીં તથા આવા ઉમેદવારોની અરજી ધ્યાન પર લેવામાં આવશે નહીં.

કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧૨.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે.

૮ ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

૯ અધ્યાપક સહાયકની ભરતી સંબંધે તમામ સુચનાઓ / વિગતો વખતોવખત કચેરીની વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

૧૦ જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠેરવવામાં આવશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધુરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇપણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની રજુઆત સ્વિકારવામાં આવશે નહીં.

૧૧ ઉમેદવારોએ ભરતી પ્રક્રિયા સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓનો સંપર્ક કરવો નહીં. કોઇપણ પ્રકારે દબાણ લાવનાર કે ભરતી પ્રક્રિયામાં વિક્ષેપ કરનાર ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

૧૨ અરજી ફી ચુકવણીની વિગતો વિનાની ઓન-લાઇન અરજી આપોઆપ રદબાતલ ગણાશે, જે ઉપર કોઇ વિચાર કરાશે નહિ.

૧૩ એક થી વધુ વિષયો માટે અરજી કરતાં ઉમેદવારે વિષયવાર અલગ અરજી કરવાની રહેશે, જે માટે અલગ ફી ભરવાની રહેશે.

૧૪ ઉમેદવારે પોતાની વિગતો કરવામાં આવેલ અરજીની વેબસાઇટ પર પ્રકાશિત યાદી સાથે ચકાસી લેવા સલાહ છે.

૧૫ ભરતી સંબંધી સૂચનાઓ વખતોવખત વેબસાઇટ પર પ્રદર્શિત કરવામાં આવશે. આથી, તે અંગેની સૂચનાઓ વેબ સાઇટ પર ચકાસવા ઉમેદવારોને સલાહ છે.

## નિમણૂંક :

૧. ઉમેદવારે મેળવેલ કુલ ગુણ આધારે બનતી સંસ્થાવાર આખરી મેરિટ યાદી મુજબ તેમનાં મેરિટ, જગ્યાની ઉપલબ્ધી તથા અરજી સમયે આપેલ પસંદગી ક્રમ ધ્યાને લઇ પસંદગીને પાત્ર બનશે.

૨. ઉમેદવારોને ક્રમાનુસાર ઓન-લાઇન કોલ લેટર વડે બોલાવાશે. આ માટે પ્રથમ તબકકે માત્ર નિશ્ચિત ગુણથી વધારે ગુણ ધરાવતા ઉમેદવારોને બોલાવાશે જયારે અન્ય ઉમેદવારો માટે ઉપલબ્ધ જગ્યાના આધારે યોગ્ય નિર્ણય લેવાશે.

૩. આ ભરતી પ્રક્રિયા દ્વારા આખરી પસંદગી પામેલ ઉમેદવારો કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) દ્વારા મંજુરી મળ્યા બાદ નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન સંબંધિત સંસ્થા દ્વારા નિમણૂંક મેળવવા પાત્ર ઠરશે.

## સામાન્ય સુચના :

૧. કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ) ને કોઇપણ ઉમેદવાર તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ યોગ્ય નહિ હોવાનુ જણાશે, તો કોઇપણ તબક્કે તેની નિમણૂંક રદબાતલ કે સ્થગિત શકી શકશે.

૨. આ ભરતી પ્રક્રિયા પૂર્ણતયા તે સંવર્ગ માટે લાગુ પ્રવર્તમાન નિયમો, જોગવાઇઓ અને સરકારશ્રીના સામાન્ય નિયમોને આધીન રહેશે

૩. આ જાહેરાત અનુસાર ભરતી કાર્યક્રમ કે શરતોમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો તથા રદ કરવાનો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગાંધીનગરને સંપૂર્ણ અધિકાર રહેશે.

૪. તમામ ઉમેદવારો અને સંસ્થા વચ્ચેના વિવાદો સમેત કોઇપણ વિવાદ વેળા ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, ગાંધીનગર નો નિર્ણય આખરી રહેશે અને જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

**તા.૨૮-૦૪-૨૦૧૫**

**સ્થળ :ગાંધીનગર**

**એ.જે.શાહ**

**(આઇ.એ.એસ.)**

**કમિશ્નર (ઉચ્ચ શિક્ષણ),ગુ.રા**